ગાંધીનગર સમાચાર

દિવાળીમાં દાઝ્યા કરતાં માર્ગ અકસ્માત અને મારામારીના કેસમાં ૧૦૮ વધુ દોડી

# સે-૧ તળાવ યોજના પાછળ કરોડોના ખર્ચ બાદ પણ ગંદકીગ્રસ્ત નજારો

## તળાવમાં પાણી ભરાવાની વાત તો દુર પણ ગંદકીના ઢગ ખડકાયા છે



ગાંધીનગર તા ૨

સે-૧ ના તળાવને પીકનિક સ્પોટ બનાવવાનુ સ્વપ્ન એક દાયકાના અંતે પણ સાકાર થયુ નથી. તળાવના તળિયામાં પાણી ટકતુ ન હોવાથી તળાવ વિસ્તારની રોનક નિખરી નથી કરોડોના ખર્ચ બાદ પણ પાણી ન ટકતા સમગ્ર યોજના પર પાણીઢોળ થઈ ગયુ છે. તળાવના તળિયામાં પાણીની જગ્યાએ ગંદકી ખદબદતી જોવા મળે છે. ઉગી નિકળેલા જાળી ઝાંખરાની વચ્ચે ઉભરાતા ખાબોચિયાના લીધે તળાવ મચ્છર ઉત્પત્તિનુ સ્થાન બની ગયુ છે. તંત્ર દ્વારા ખાલી તળાવમાં પાણી ભરવા માટે નક્કર આયોજન થતુ

● અનુસંધાન પાન-૩ પર

# ગુડાના સાયકલ શેરીંગ પ્રોજેકટને રાષ્ટ્રીય એવોર્ડ

## ભારત સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા જી બાઇક સાયકલ શેરીંગ પ્રોજેકટની એવોર્ડ માટે પસંદગી

ગાંધીનગર તા ૨

ગુડાના સાયકલ શેરીંગ પ્રોજેકટને ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય કક્ષાનો એવાર્ડ એનાયત કરવામાં આવશે. આગામી તા ૮ થી ૧૧ નવેમ્બર દરમિયાન મહાત્મા મંદિર ખાતે યોજાનારી અર્બન ઈન્ડીયા ૨૦૧૬ કોન્ફરન્સ એકસ્પોમાં આ પ્રોજેકટને એવાર્ડ એનાયત કરવામાં આવશે.

ગુડા દ્વારા ગ્લોબલ વોર્મિંગના પડકાર સામે જનજાગૃતિ કેળવાય અને જન આરોગ્ય સુખાકારીના મામલે નગરજનો જાગૃત થાય તે માટે શહેરમાં સાયકલ શેરીંગ પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યો છે. આ અન્વયે શહેરમાં ૧૧ ઠેકાણે સાયકલ સ્ટેન્ડ પણ કાર્યરત કરાયા છે. જયારે ૧૦૦ જેટલી સાયકલો પણ નગરજનોની સુવિધા માટે ઉપલબ્ધ કરવામાં આવી છે. જયારે આગામી દિવસોમાં પ્રોજેકટ અન્વયે ૨૦ સ્ટેન્ડ તેમજ ૪૦૦ સાયકલોનો ઉમેરો પણ કરવામાં આવશે. ગુડાના આ ટ્રીન ટ્રીન ગ્રીન ગ્રીન પ્રોજેકટને કેન્દ્ર સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા અર્બન મોબિલીટી ઈન્ડીયા ૨૦૧૬ કોન્ફરન્સ એકસ્પો માટે જી બાઈક બેસ્ટ એન એમ ટી કેટેગરી માટે નોમીનેટ કરવામાં આવ્યો હતો. આ અંતર્ગત ગુડાના મુખ્ય કારોબારી અધિકારી અશોક શર્મા દ્વારા પ્રેઝન્ટેશન કરવામાં આવ્યુ હતુ. જયારે આ પ્રોજેકટની ભારત સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા એવાર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. આગામી તા ૮ થી ૧૧ નવેમ્બર દરમિયાન મહાત્મા મંદિર ખાતે યોજાનાર અર્બન મોબીલીટી ઈન્ડીયા ૨૦૧૬ કોન્ફરન્સ એકસ્પોમાં એવોર્ડ એનાયત આપી પુરસ્કૃત કરવામાં આવશે. ગુડાના ચેરમેન આશિષ દવેએ આ પ્રોજેકટને સાકાર કરવા માટે વિશેષ રસ દાખવ્યો હતો. આ તબકકે તેમણે પર્યાવરણ પ્રેમી નગરજનો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી છે.

# માણસાના સમૌ ગામે બેસતા વર્ષે જૂથ અથડામણ

## અથડામણ બાદ ભારેલા અગ્નિ જેવી સ્થિતિ : દિવાળીની સાંજે દૂધ ભરવાની બાબતે થયેલી બોલાચાલી નવા વર્ષે ભારે સાબિત થઈ : ૧૦ વાહનો, પાંચ દુકાનોમાં આગચંપી : સ્થળ પર પહોંચેલી પોલીસ પર ટોળાએ હૂમલો કરી વાહનો તોડી નાંખ્યા : પોલીસે પાંચ રાઉન્ડ ફાયરીંગ કરવુ પડ્યું : ૧૨ની ધરપકડ



ગાંધીનગર, તા. ૨

દિવાળીની સાંજે માણસાના સમૌ ગામમાં દૂધ ભરવાની બાબતે થયેલી સામાન્ય બોલાચાલીએ બીજા દિવસે બેસતા વર્ષે સવારે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતુ. લાકડી-ધોકા-તલવારો અને પાઈપો લઈને સામ સામે આવી ગયેલા બે જુથોના ટોળાએ બેલગામ થઈ ગયા હતા અને વાહનો તથા દુકાનોમાં આગચંપી શરૂ કરી દીધા બાદ વાહનોમાં તોડફોડ તાલુ કરી દીધી હતી. પોલીસ સ્થળ પર પહોંચી તો પોલીસની ગાડીઓમાં પણ તોડફોડ કરી પોલીસ પર હૂમલો કરતાં પોલીસે પાંચ રાઉન્ડ ફાયરીંગ કરવુ પડ્યુ હતુ. આ મામલે પોલીસે બંને જુથોની ફરીયાદ લઈ ક્રોસ ફરિયાદ નોંધી ૧૨ શખ્સોની ધરપકડ કરી છે. તો બીજી તરફ ગામમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ હોવાથી એસઆરપી અને પોલીસ ઉતારી દઈ સ્ટેન્ડ ટુ કરી દેવાઈ છે. મળતી માહિતી મુજબ માણસા તાલુકાના સમૌ ગામની ડેરીમાં દિવાળીને સાંજે દૂધ ભરવા લાઈન લાગી હતી. આ દરમ્યાન લાઈનમાં ઉભા રહેવાની બાબતે સામાન્ય ગાળાગાળી અને બોલાચાલી ચૌધરી અને દરબાર વચ્ચે થઈ હતી. મામલો શાંત થયા બાદ બીજા દિવસે સવારે બેસતા વર્ષે આ જ મામલો ઉગ્ર બન્યો હતો. બંને જુથોના ટોળા લાકડી, પાઈપો, ધોકા અને તલવારો જેવા હથિયારો લઈને બહાર આવી ગયા હતા અને ૧૦થી વધુ વાહનોને આગચંપી તથા પાંચ દુકાનોને આગચંપી કરી દેવામાં આવી હતી. ગામ ભડકે બળે તેવી સ્થિતિ થઈ ગઈ હતી ત્યારે ગાડીઓમાં પણ તોડફોડ ટોળાએ શરૂ કરી દીધી હતી. આ રાયોટીંગ અંગે પોલીસને જાણ થતા કાફલો તાબડતોબ સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસ આવતા પોલીસ પર પણ ટોળાએ હુમલો કરી દીધો હતો અને પોલીસના વાહનોમાં તોડફોડ શરૂ કરી દીધી હતી. સ્થિતિ તંગ જણાતા પોલીસે પાંચ રાઉન્ડ ફાયરીંગ કરવાની ફરજ પડી હતી. આ હુલ્લડમાં પાંચ વ્યક્તિઓ ઘાયલ થયા હતા. મામલો હાલ શાંત હોવાનું જાણવા મળ્યું છે. પીએસઆઈ બી.સી. વાઘેલાની ફરીયાદને આધારે ટોળાનાં ૩૨ શખ્સો સામે પોલીસ પર હુમલો અને તોડફોડ બદલ ગુનો નોંધાયો છે. તે ઉપરાંત બંને જુથની ફરિયાદ માણસા પોલીસ મથકમાં નોંધાવા પામી છે. જેમાં નરેશ બળદેવભાઈ ચૌધરીની ફરિયાદ મુજબ ૨૯ વ્યક્તિના ટોળા સામે અને લાલસિંહ અંબાજી ચાવડાની ફરિયાદ આધારે ૨૦ વ્યક્તિના ટોળા સામે ફરીયાદ નોંધાઈ છે. જે પૈકી ૧૨ શખ્સોની ધરપકડ પોલીસે કરી લીધી છે. ગામની પરિસ્થિતિ ફરી તંગ ન બને તે હેતુથી એસઆરપી અને પોલીસ સ્ટેન્ડ ટુ કરી દેવામાં આવી છે.

# દિવાળીમાં દાઝ્યા કરતાં માર્ગ અકસ્માત અને મારામારીના કેસમાં ૧૦૮ વધુ દોડી

## ચાર દિવસમાં ગાંધીનગરમાં ફટાકડાથી દાઝ્યાના ત્રણ કિસ્સાઓમાં ૧૦૮ દોડી જ્યારે રોડ એક્સીડેન્ટમાં ૮૬ અને મારામારીના ૧૯ કોલ ૧૦૮ને મળ્યા

ગાંધીનગર, તા. ૨

દિવાળીના તહેવારોના ચાર દિવસ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં ૩૦૦ કોલ ૧૦૮ એમ્બ્યુલન્સને મળ્યા હતા. દિવસભર ૧૦૮ની સાયરન સંભળાતી રહી હતી. જેમાં ફટાકડાથી દાઝ્યાના ત્રણ કેસ આવ્યા હતા, જ્યારે મારામારી અને માર્ગ અકસ્માત ઉપરાંત પેટના દુખાવા તથા તાવના કોલ વધુ મળ્યા હોવાનું ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના આંકડા પરથી સ્પષ્ટ થાય છે.

ગાંધીનગર જિલ્લામાં અલગ અલગ વિસ્તારોમાં ૨૯ ઓક્ટોબરથી ૧ નવેમ્બર દરમ્યાન ચાર દિવસમાં ૧૦૮ એમ્બ્યુલન્સને ૩૦૦ કોલ મળ્યા હતા. જેમાં ફટાકડાથી દાઝી જવાના ત્રણ કેસ હતા જ્યારે માર્ગ અકસ્માતમાં ઘાયલ થવાના ૮૬ બનાવો બન્યા હતા. તાવના ૧૧, પેટમાં દુખાવાના ૨૬, પ્રેગનેન્સી સંબંધીત ૬૯, શ્વાસોશ્વાસને લગતા ૧૫ કોલ, ૧૦૮ને મળ્યા હતા. તે ઉપરાંત અન્ય અકસ્માતની ઘટનાઓના ૨૮ કોલ મળ્યા હતા. હૃદયરોગને લગતા ૧૫ કોલ તથા ખેંચના ૮, ડાયાબીટીસના બે, સ્ટોકનો એક, પોઈઝનીંગના અને એનીમલ વગેરેના બબ્બે કેસ આવ્યા હતા. તે ઉપરાંત મારામારીના ૧૯ તથા બેભાન થઈ જવાના ૧૩ કોલ ૧૦૮ એમ્બ્યુલન્સને ચાર દિવસમાં મળ્યા હતા. સદ્ભાગ્યે આ વર્ષે આગના કે દાઝી જવાના વધુ કિસ્સાઓ બનવા પામ્યા નથી. જો કે તેની સામે માર્ગ અકસ્માત અને મારામારીના કિસ્સાઓનો આંકડો ચોંકાવનારો છે.


## બેસણું



મારા પૂજ્ય મોટાભાઈ **નરેશભાઈ દલસુખરાય જોષી** તા.૨૮/૧૦/૨૦૧૬ને શુક્રવારના રોજ સ્વર્ગલોક પામેલ છે. ઈશ્વર તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના. સદ્ગતનું બેસણું તા.૦૩/૧૧/૨૦૧૬ને ગુરૂવારના રોજ તેમના નિવાસ સ્થાને સાંજે ૪થી ૬ કલાકે રાખેલ છે.

સ્થળ: 'મધુબન', પ્લોટ નં.૪૬૭/૧, સેકટર-૨/બી, ગાંધીનગર ફોન- ૦૭૯-૨૩૨૨૭૩૨૭

લિ.
ભારતીબેન નરેશભાઈ જોષી
ધ્વનિ હિતેષ પંડ્યા(પુત્રી)
અવની દિપન મહેતા (પુત્રી)
બકુલભાઈ દલસુખરાય જોષી
સ્વ.રમેશભાઈ દલસુખરાય જોષી
તથા સમસ્ત જોષી પરિવાર

## દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. બાબુભાઈ મંગળભાઈ પરમાર**
સ્વ. તા. ૩/૧૧/૨૦૧૪ (ગામ - બોરીજ)

સદાય હસમુખો ચહેરો અમારાથી ભૂલાતો નથી
યાદ તમારી આવે ત્યારે મન મૂકીને રડાવે છે.
અમને, દરેક પ્રસંગે યાદ આવશે અમને તમારી,
પલભરમાં છેતરી ગયા અમને, શહેનશાહ જેવું જીવન જીવી ગયા
તમે, હે પ્રભુ અમારે જેની જરૂર હતી તેની તમને શું જરૂર પડી.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી.
પુષ્પાબેન બાબુભાઈ પરમાર (પત્ની)
ચેતના, ટ્વિંકલ, નિરવ
તથા સમસ્ત પરમાર પરિવાર

પાલનપુર નગરજનોને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ...
**નગરપાલિકા, પાલનપુર**
આવો આપણે સૌ સાથે મળી નૂતન વર્ષે નગરને સ્વચ્છ અને સુંદર બનાવવાનો સંકલ્પ કરીએ...
- આપણા પાલનપુર શહેરના આપ સોના સાથ અને સહકારથી સ્વચ્છ, સુંદર અને રળીયામણું બનાવીએ.
- કચરો કચરા પેટીમાં નાંખીએ, પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીએ અને ગંદકી ન ફેલાવીએ.
- શહેરની જાહેર મિલકતો, દિવાબત્તીને પોતાની જ સંપતિ ગણી નુકસાન થતી બચાવીએ.
- નગરપાલિકાનો કરવેરો નિયમિત ભરી શહેરના વિકાસમાં સહભાગી બનીએ.
- ઘર, દુકાન કે ઓફીસનો કચરો એકત્ર કરી ફરજીયાત કચરા ટોપલીમાં રાખીએ.
- પાણીનો બગાડ અટકાવીએ અને વપરાશી પાણીનો ગટર દ્વારા યોગ્ય નિકાલ થાય તે પ્રમાણે વર્તીએ.
- પાણીને કે અન્ય પ્રકારના પાઉચ, પ્લાસ્ટીકની થેલી કે કચરો જ્યાં ત્યાં ન ફેંકતા ટોપલીમાં જ નાખીએ.
- નગરની સ્વચ્છતા માટે આપના સહકારની અપેક્ષા છે.

આપ સૌને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ સહ...
(પંકજભાઈ આઈ. બારોટ) મુખ્ય અધિકારી
(ગીરીશભાઈ કે. પરમાર) ચેરમેન, સેનીટેશન સમિતિ,
(જયંતિભાઈ એમ. પઢિયાર) ચેરમેન, કારોબારી સમિતિ
(હસમુખભાઈ એમ. પઢિયાર) શાસક પક્ષના નેતા
(અશોકભાઈ બી. ઠાકોર) ઉપપ્રમુખ
(નિલમબેન સંજયભાઈ જાની) પ્રમુખ
તથા સર્વે નગરસેવકો તેમજ કર્મચારી ગણ
નગરપાલિકા, પાલનપુર

**ધી બનાસકાંઠા મર્કેન્ટાઈલ કો.-ઓપ. બેન્ક લી., પાલનપુર**
માનવંતા સભાસદો, થાપણદારો, ગ્રાહકો તથા શુભેચ્છકોને નૂતન વર્ષાભિનંદન
આજે પરમપિતાને એક જ પ્રાર્થના
*'જેમ સૂર્ય ઉદય સમયે તથા સૂર્ય આથમતા સમયે પણ તાંબા જેવા કલરથી જતગ તમે છે, તેજરીતે આ દુન્વયી જાતમાં આપને પણ સુખ અને દુ:ખમાં સમાન ભાવ પ્રાપ્ત થાઓ.'*
- કોઈપણ પ્રકારના છુપા ચાર્જ ઉધાર્યા સિવાય ૯.૯૦% જેવા નીચા વ્યાજ દરથી શરૂ કરીને વિવિદ પ્રકારની લોન સેવા ત્વરીત ઉપલબ્ધ.
- મો. નં. ૯૩૭૫૨૦૦૨૦૦ ઉપર મિસ કોલ કરી આપના ખાતાનું બેલેન્સ જાણો.
- આપનો આધાર નંબર બેંકમાં નોંધાવી ગેસ સબસીડીનો લાભ મેળવો.
- આપણી બેંક દ્વારા તમારા ફછ્/ય્જી્ના નાણાં ભરવાની સેવાનો લાભ મેળવો.
- આપના બેંકના ખાતા દ્વારા જીૈં તથા ઈઝ્રજીથી નાણાં જમા તથા ઉદારનો લાભ મેળવવો.

'મર્કેન્ટાઈલ બેંક એટલે આપણી, આપણા માટેની, આપણા દ્વારા ચાલતી બેંક'
રજનીકાંત કે. પટેલ - મેનેજીંગ ડીરેક્ટર
ભાવેશ કે. પટેલ - ઈન્ચાર્જ સી.ઈ.ઓ.
દિનેશચંદ્ર બી. પટેલ - ચેરમેન

**શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ**
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com